# જન્મદિને વધામણી



હરિભાઈ એન ચૌહાણ
ફોન : ૨૩૨૩૪૩૯૭



અશોક જે શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩



સુભાષચંદ્ર એસ નાયી
મો. ૯૭૩૭૧ ૯૪૧૪૭



જય રાજુલ ભટ્ટ
મો. ૯૦૩૩૮ ૬૨૬૫૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# દિલ્હી પબ્લિક સ્કૂલમાં કારગીલ દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા. ૨૬

૨૬મી જુલાઈને "વિજય દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. આ જ ઉજવણીનાં ભાગરૂપે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરમાં વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, અને વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગાન-નૃત્ય રજુ કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને કારગીલ યુદ્ધની વિશિષ્ટ જાણકારી તથા સૈનિકોના બલીદાનનો ચિતાર આપવા માટે કર્નલ વિક્રમ ઠાકુર (વિશિષ્ટ સેવા મેડલ, ડેપ્યુટી કમાન્ડર ઓફ એન.સી.સી, અમદાવાદ) અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા. કાર્યક્રમનાં અંતે આચાર્યશ્રી અતનું રથે કર્નલ વિક્રમ ઠાકુરનો આભાર પ્રગટ કર્યો હતો, તથા વિધ્યાર્થીઓને દેશભક્તિની ભાવના ઉજાગર કરવા માટે જાગૃત

# ઈન્ફોસિટી સ્કૂલમાં રસીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ ખાતે ગુરુવારે ધોરણ-૬થી ૧૦ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા ઓરી અને રૂબેલાને નાબૂદ કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર, પ્રમુખ વૈષ્ણવ સર, પ્રિન્સિપાલ પ્રવીણા પટેલ, સુપરવાઈઝર દિપ્તી દેસાઈ અને સ્ટાફમિત્રોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# એલડીઆરપી ઈન્સ્ટીટ્યુટ ખાતે સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો




ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એલડીઆરપી ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી એન્ડ રિસર્ચ ખાતે પ્રથમ વર્ષ ઍન્જિનીયરિંગમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ઈન્ડક્શન ટ્રેનિંગ પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ત્રણ અઠવાડિયાના આ પ્રોગ્રામમાં એઆઈસીટીઈની ગાઈડલાઈન મુજબ વૈશ્વિક નૈતિક મૂલ્યોને જાગૃત કરવા પ્રૉફિશિયન્સી મૉડ્યુલ, ક્રિએટીવ આર્ટ, યોગ, લિટરરી ઍક્ટિવિટિઝ, સ્પૉર્ટ્સ, ઍક્સપર્ટ લૅક્ચર, ભારતનું બંધારણ, લોકલ સાઈટ વિઝીટ, કલ્ચરલ ઍક્ટિવિટિઝ જેવી વિવિધ પ્રવૃત્તિઓ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કૉલેજનાં આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા દ્વારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તેમજ કૉલેજ વિશે તલસ્પર્શી પરિચય આપી વિદ્યાર્થીઓને અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન અને સંચાલન કરવાનો શ્રેય કૉલેજના પ્રાધ્યાપક રોઝીલી વિક્ટર, પાયલ ત્રિવેદી અને શ્વેતા ઝાને ફાળે જાય છે.


# ગોલ્ડન કટાર ડિવિઝન દ્વારા કારગીલ વિજય દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ મિલિટરી સ્ટેશનમાં ગોલ્ડન કટાર ડિવિઝને ૨૬ જુલાઈ, ૨૦૧૮નાં રોજ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી હતી અને વર્ષ ૧૯૯૯માં 'કારગિલ ઓપરેશન'માં દેશ માટે શહીદ થયેલા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે લેફ્ટનન્ટ જનરલ ડી. આર. સોની, અતિ વિશિષ્ટ સેવા મેડલ, વિશિષ્ટ સેવા મેડલ, આઈડ-ડી-કેમ્પ, જનરલ ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ, સધર્ન સ્ટાર કમાન્ડે કારગિલ વિજયને શક્ય બનાવનાર બહાદુર સૈનિકોનાં બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા ગોલ્ડન કટાર વૉર મેમોરિયલ પર પુષ્પમાળા અર્પણ કરી હતી. આ પુષ્પમાળા સમારંભમાં લેફ્ટનન્ટ જનરલ આર. કે. જગ્ગા, અતિ વિશિષ્ટ સેવા મેડલ, વિશિષ્ટ સેવા મેડલ, જનરલ ઓફિસર કમાન્ડિંગ કોનાર્ક કોર્પ્સ અને મેજર જનરલ અનિલ પુરી, સેના મેડલ, વિશિષ્ટ સેવા મેડલ, જનરલ ઓફિસર કમાન્ડિંગ ગોલ્ડન કટાર તેમજ સેનાનાં પીઢ અધિકારીઓ, જૂનિયર કમિશન ઓફિસરો અને ગોલ્ડન કટાર ડિવિઝનનાં જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. કારિગલ યુદ્ધ ૦૬ મે, ૧૯૯૯નાં રોજ શરૂ થયું હતું, જે ૮૦ દિવસ ચાલ્યું હતું. તેમાં ભારતીય સૈનિકોની સાહસિકતા, ત્યાગ અને બલિદાનની ભાવના જોવામળી હતી. યુદ્ધનાં અંતે ભારતીય સેના ઘુસણખોરોને હાંકી કાઢવામાં સફળ થઈ હતી. આ યુદ્ધ પડકારજનક અને ભયાનક એવી ૧૩,૦૦૦થી ૧૮,૦૦૦ ફીટની અભેદ્ય ઊંચાઈ પર ખેલાયું હતું. દર વર્ષે ૨૬ જુલાઈને કારગિલ વિજય દિવસ (વિજય દિવસ) તરીકે ઉજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ આ 'ભવ્ય વિજય'ની ઉજવણી કરવાનો છે.

# આજના યુગમાં ટોટલ ક્વૉલિટી પ્રબંધનની વાતો







એકવીસમી સદી શરૂ થઈ અને બધી જ ટૅકનોલૉજીમાં, કાર્યશૈલીમાં, સ્પર્ધામાં એમ સર્વત્ર ખૂબ જબરૂં અને ઝડપી પરિવર્તન આવવાનું શરૂ થયું. હવે પરિવર્તન એ વાવાઝોડા સાથેના મૂશળધાર વરસાદ જેવું થઈ ગયું છે. વિચારવાની દિશા અને પરિણામ આધારિત મૂલ્યાંકનનો એક નવો તબક્કો શરૂ થયો. વર્ષો પુરાણી પરંપરાગત ચીજો નહીં, માનવ આદતો-વર્તન-વિહાર એ બધાંમાં આમુલ પરિવર્તન આવવાનું સૌને મહેસૂસ થઈ રહ્યું છે. વૈશ્વિક રીતે ઉત્પન્ન થતા પરિવર્તનને પ્રત્યેક રાષ્ટ્ર અને પ્રદેશે સ્વીકૃત કરવાં જ પડે છે અને હવે દુનિયા મૂઠ્ઠીમાં સમાઈ ચૂકી છે. ઘણી વખત વ્યક્તિને ખબર પડે નહીં, છતાં તેનું વ્યક્તિત્વ સતત બદલાતું જતું હોય છે. સામાજિક માહોલમાં જે વર્તણૂંક યા વર્તન પ્રદર્શિત થઈ રહ્યાં છે તેમાં આ બદલાવની ભૂમિકા જવાબદાર હોયછે. પ્રશ્ન ત્યારે દુખદ બને છે કે જ્યાં પરિવર્તનની સાથોસાથે માનવમૂલ્યોની બાદબાકી થાય છે. અર્થાત ભલે ટૅકનોલૉજી, કાર્યપદ્ધતિ વગેરે બદલાય પરંતુ માનવની નિષ્ઠા, સૂઝ, કૌશલ્ય, પ્રામાણિકતા, પ્રતિબદ્ધતાની કદર અચૂક થવી જ જોઈએ. એ ના થાય તો સ્થિતિ વિકૃત થઈ જાય છે.

ભૌતિકવાદ અને ભોગવાદને વિસ્તૃત કરવાની સ્પર્ધાત્મક દુનિયામાં વસતી બાધારૂપ હોવા છતાં તેને પ્રગતિનું કારણ કે સાધન માનવાનું શરૂ થયું ત્યારથી સ્થિતિ તણાવવાણી ઉત્પન્ન થઈ છે. હવેનું પ્રબંધન ટોટલ ક્વૉલિટી મૅનેજમૅન્ટ ઉપર ધ્યાન આપે છે, જેનો મુખ્ય હેતુ લક્ષ્યાંકોની પ્રાપ્તિની સાથે મહત્તમ ઉપભોક્તાનો આનંદ અને કર્મચારીઓ વચ્ચે ઐક્યનું ગઠન છે. ટોટલ ક્વૉલિટી મૅનેજમૅન્ટનો ખ્યાલ કે વિભાવના કંઈ નવાં તો નથી પરંતુ હવે તેમના ઉપર સવિશેષ મૉનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

ટોટલ ક્વૉલિટી મૅનેજમૅન્ટનાં મુખ્યત્વે ચાર આધાર સ્તંભ દર્શાવવામાં આવ્યા છે. એક, ટોચના પ્રબંધન કક્ષાએ આ માટેના માહોલના પેદા કરવો, પરિસ્થિતિના બદલાવનું બીજારોપણ અહીંથી થાય છે. બીજું, સંબંધિત કાર્ય કરનારા લોકોને જ્ઞાન, સમજણ, તાલીમ પૂરી પાડવી, જે ઍચ આર ડિપાર્ટમૅન્ટનું કાર્યક્ષેત્ર છે. ત્રીજું, ઉપભોક્તા યા ગ્રાહક સાથેના સંબંધોને સંભાળવા કે જેથી તેમનો અપેક્ષા આધારિત કુલ સંતોષ કે આનંદ વધે. ચોથું, સમગ્ર એકમ/યુનિટના કામદારો/કર્મચારીઓમાં ઐક્ય પેદા કરી કાર્યકુશળતાના સ્તરમાં વૃધ્ધિ કરવી ઉપરાંત આ લોકોને બદલાતી ટૅકનોલૉજીથી સતત અવગત રાખવા, વિકસીત કરવા, જે લક્ષ્યાંક સિદ્ધિમાં સૌથી મહત્તમ સાધન તરીકે ગણવામાં આવે છે. કૉર્પોરેટ જગતમાં આજે ટોટલ ક્વૉલિટી મૅનેજમૅન્ટને અતિ મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે. આ ચર્ચામાં આદર્શો અવશ્ય છે પરંતુ અમલીકરણનુંય મહત્ત્વ છે.

માહોલ, ટૅકનોલૉજી, તાલીમ વગેરેમાં સાતત્ય હંમેશાં હોય છે અને આ પ્રક્રિયા કદી અટકતી નથી તો બીજી તરફ જે ઉપભોક્તા અને તેના ડિલાઈટની વાત કરીએ છીએ ત્યાં બધા જ લોકો જીતી શકતા નથી. ગ્રાહક સંતોષ ગ્રાહક જ ભગવાન જેવી વાતો ઘણી થઈ રહી છે પણ ગ્રાહક સ્વયંની મૂળભૂત તાકાત પ્રતિદિન ગુમાવી રહ્યો છે. નક્કર આવકવૃદ્ધિ ઘટતાં અને ખર્ચા વધતાં હવે બચતો મરી પરવારી છે. 'ક્વૉલિટી'ની ચિંતા કરવાની તો છેવટે ગ્રાહકોના રાજીપા માટે. તેમાં હવે આઈટી આવી જતાં બધું ઝડપી છે જ, માત્ર જે માનવીય નિર્ણાયકતા છે ત્યાં જ ગડબડ રહી છે. વ્યાજબી ખર્ચા લેવા, સ્માઈલ સાથે સેવા આપવી, ઝડપથી કાર્ય કરી આપવું, સારું વર્તન દાખવવું એ બધું થઈ શકે છે. છતાં કુલ સંતોષ વધતો નથી. બીજા શબ્દોમાં આપણું કુલ સુખ વધતું નથી. આર્થિક ભાષામાં ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ હજી ઝડપથી વધતી નથી. સેવાકીય ક્ષેત્રમાં સ્થિતિ સારી છે. છતાં ગ્રાહકોમાં જ સક્ષમતા ઘટી છે ને ક્રેડિટ ઉપાડ વધતો નથી.

ભારતમાં રાજ્યોવાર વિદેશી કંપનીઝ સાથે સહકાર એગ્રીમેન્ટ કે ઍમઓયુ થાય છે, જેથી નવાં નવાં સાહસો દેશમાં આવે, ઉત્પાદન થાય અને વિકાસની ગતિ ઝડપી બને. આ પૉલિસી સામે કોઈ પ્રશ્ન નથી. જે ચિંતા છે તે વિશાળ દેશની વિશાળ જનસંખ્યા આર્થિક રીતે નબળી પડતી જાય છે તે છે. ટીક્યુઍમની નીતિમાં બધું ઉમદા છે. જેમ કે ક્વૉલિટી વર્ક કરવું, ગ્રાહકોને કેન્દ્રસ્થાને રાખવા, સુધારણા સાથેનો મૅનપાવર જે ટીમવર્કથી ઉત્પાદકતા ઊભી કરે, નેતૃત્વના ગુણનો પણ વિકાસ કરવો વગેરે. બીજી તરફ ખેતી, નાના ગૃહ ઉદ્યોગો, સ્વરોજગાર સર્જતા લોકો અને સેવાકીય એકમો - આ બધાં જ અંદરથી ઉત્સાહી રહ્યાં નથી અને તેઓ વિકલ્પના અભાવે સંઘર્ષ કર્યે જ જાય છે.

એટલે સરકારની નીતિમાં વાસ્તવમાં 'સક્ષમ ગ્રાહક સર્જન'નું ઉમેરણ થવું એ આજની માગ છે. ઉત્તમ યુવાધન વિદેશો તરફ સરકી જ રહ્યું છે, તેથી જાગૃતિ અનિવાર્ય થઈ છે. દેશની પ્રજાના સાચા વિકાસમાં સૌના સાથ વિના એ શક્ય પણ નથી. કોર્પોરેટ જગતના વિવિધ સિદ્ધાંતોમાં અંતે તો આવક વૃદ્ધિ અને ગ્રાહક સંતોષની જ વાત હોય છે.

**શેર આસ્વાદ**

આત્મિયતા દીવાલથી ખરેખર ખરી પડી
ઓચિંતા ઘરમાં સાવ અટૂલા થઈ ગયાં

- મનોજ ખંડેરિયા

# સ્કેટિંગ રોલ બૉલ સ્પર્ધામાં ઍસ જી અંગ્રેજી સ્કૂલ ઝળકી




ગુરુવારે આયોજિત સ્કેટિંગ રોલ બૉલમાં ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી યુગ મોદી અને લક્ષ્ય જોશીએ એ અન્ડર-૧૪ વિભાગમાં પ્રથમ ક્રમાંક, શોબાન ઍચ બેલીમે અન્ડર-૧૪ અને ૧૭માં પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય અને સ્ટાફગણે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી બિરદાવ્યા હતા.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ખેલાડીઓ માટે

# ફિઝિકલ ફિટનૅસ કૅમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૬

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ખેલાડીઓ માટે દસ દિવસીય ફિઝિકલ ફિટનૅસ કૅમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

લાંબી દોડ, ટૂંકી દોડ, વિવિધ કસરતો, યોગ, પ્રાણાયામ, મૅડિટેશન જેવા તાલીમ ઉપક્રમો આ કૅમ્પમાં યોજવામાં આવ્યા હતા. કૅમ્પથી ખેલાડીઓનાં પરફોર્મન્સમાં સુધારો અને વલણમાં હકારાત્મકતા જોવામાં આવી હતી. ૨૦૫ બોય્ઝ અને ૯૦ ગર્લ્સ ખેલાડીઓએ આ કૅમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંપૂર્ણ તાલીમ ફિઝિકલ ઍજ્યુકેશનના પ્રૉ. ડૉ. રણછોડ રથવી દ્વારા આપવામાં આવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા વિજયનગર તાલુકામાં સેવાકાર્ય





ગાંધીનગર શહેરની સેવાસંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બુધવારે ગૌરીવ્રત નિમિત્તે વિજયનગર તાલુકાની ચાર સ્કૂલ્સની ૩૨૦ જેટલી કન્યાઓને સ્કૅચ પૅનનાં પૅકેટ્સ તથા અભ્યાસમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત ધોરણ-૫,૬,૭ની વિદ્યાર્થિનીઓને સ્કૂલ બૅગ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને બિસ્કીટનાં પૅકેટ, ચિકી, નોટબૂક તથા બૉલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરવઠ-૧, ૨ અને કણાદર તથા માસોતા એમ ૪ સ્કૂલ્સમાં વડના ઝાડ રોપવામાં આવ્યાં હતાં. સંસ્થા વતી કુસુમબેન જોષી, પૂજાબેન તથા ઊર્મિલાબેન આ સેવાકાર્યોમાં જોડાયાં હતાં.